**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેક્સ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** | **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** | **તા. ૧૬– ૭ – ૨૦૦૮**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા. ૧૬ – ૭ – ૨૦૦૮ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા. ૧૬–૭–૨૦૦૮** |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કાર્યકારી કુલપતિશ્રી) **તથા** | હાજર |
| ૨. | (મા. ઉપકુલપતિશ્રી) | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | ગેરહાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

# શોક દર્શક ઠરાવ

**સ્વ. જનરલ માણેકશા**

જનરલ માણેકશાનું અચાનક થયેલ દુ:ખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા બે મિનિટનું મૌન પાળી શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**૧.** સિન્ડિકેટ તા. ૨૯ – ૪– ૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૨૯ – ૪ –૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

**બાબત ક્રમાંક : (૨૫)**

શારિરીક શિક્ષણ મહાવિદ્યાલયા કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન(બી.પી.એડ્.), ભરથાણા ગામ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.પી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંક: (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯–૩–૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાંક: (૯) અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલ તા. ૧૯–૩–૨૦૦૮ની સભાની ભલામણ ક્રમાંક: (૯)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શારિરીક શિક્ષણ મહાવિદ્યાલયા કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન(બી.પી.એડ્.), ભરથાણા ગામ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.પી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૧૩–૧૨–૨૦૦૭નાં રોજ ઠરાવક્રમાંક: (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલને ઘ્યાને લઈ **N.C.T.E.** ની મંજૂરી મળ્યેથી જોડાણ આપવા તથા ૨૫ જુલાઈ સુધી માં યુનિવર્સિટીને **N.C.T.E.** ની મંજૂરીનો પત્ર મળે તો આ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯માં પ્રવેશ આપવાં અન્યથા પ્રવેશ નહી આપવા અંગેનો નિર્ણય કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને શારિરીક શિક્ષણ મહાવિદ્યાલયા કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન(બી.પી.એડ્.), ભરથાણા ગામ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.પી.એડ્.નું ચાલુ જોડાણ ઉપરોકત શરતોનું પરિપાલાન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી અને સંસ્થાનું ચાલુ જોડાણ હોય N.C.T.E. ની મંજૂરી મળેલ હોય માટે **તેનો આગ્રહ રાખવો નહી.**

**ને બદલે**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને શારિરીક શિક્ષણ મહાવિદ્યાલયા કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન(બી.પી.એડ્.), ભરથાણા ગામ, જિ.: સુરતની શૈક્ષણિક વર્ષ: ૨૦૦૮–૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.પી.એડ્.નું ચાલુ જોડાણ ઉપરોકત શરતોનું પરિપાલાન કરવાની શરતે રાજય સરકારને ભલામણ કરવી અને સંસ્થાનું ચાલુ જોડાણ હોય N.C.T.E. ની મંજૂરી મળેલ હોય માટે **તેની નોંધ લેવી.**

**વાંચનમાં લેવું**

**૨.** સિન્ડિકેટ તા. ૯ – ૫– ૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૯ –૫ –૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

**<u>બાબત ક્રમાંક : (૭૩)</u>**

યુનિવર્સિટીના વાહન કોન્ટ્રાકટર સાંઈરથ ટ્રાવેલ્સના માલિક શ્રી સમીરનાયકની બાકી બિલોની ચુકવણીની માંગણી **<u>બાબત......</u>**

(હિસાબી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, અગાઉનો સિન્ડિકેટનો તા. ૨ –૭ –૨૦૦૭નો ઠરાવ ક્રમાંક : ૫ રદ કરવો અને વાહન કોન્ટ્રાકટર સામેનો કેસ પરત ખેંચવાની ઘટતી કાર્યવાહી કરવી અને બીલોની ચુકવણી અંગે તપાસ કરવા નીચે મુજબની એક સમીતીની રચના કરવી.

(૧) ડૉ. વિનોદભાઈ પટેલ (ડી. બી. આઈ. એમ.)

(૨) કુલસચિવશ્રી

(૩) ઈન્ટરનલ ઓડિટરશ્રી

**ને બદલે**

યુનિવર્સિટીના વાહન કોન્ટ્રાકટર સાંઈરથ ટ્રાવેલ્સના માલિક શ્રી સમીરનાયકની બાકી બિલોની ચુકવણીની માંગણી **<u>અંગેનો પત્ર ......</u>**

(હિસાબી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, અગાઉનો સિન્ડિકેટનો તા. ૨ –૭ –૨૦૦૭નો ઠરાવ ક્રમાંક : ૫ રદ કરવો અને વાહન કોન્ટ્રાકટર સામેનો કેસ પરત ખેંચવાની ઘટતી કાર્યવાહી કરવી અને બીલોની ચુકવણી અંગે તપાસ કરવા નીચે મુજબની એક સમીતીની રચના કરવી.

(૧) ડૉ. વિનોદભાઈ પટેલ (ડી. બી. આઈ. એમ.)

(૨) કુલસચિવશ્રી

(૩) ઈન્ટરનલ ઓડિટરશ્રી

**વાંચનમાં લેવું**

**૩.** સિન્ડિકેટ તા. ૨૨ – ૫– ૨૦૦૮ની તાકીદની સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત…

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૨૨ –૫ –૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

**<u>બાબત ક્રમાંક : (૧૫)</u>**

ગણિતશાસ્ત્ર વિભાગના શ્રી હરિશ ડૉકટર પાસેથી બિન અધિકૃત રીતે તેમની ગાડી તથા અંગત સૂટકેશમાંથી વિભાગના અધ્યક્ષ તથા સિકયુરીટી સુપરવાઈઝર શ્રી મેહુલ મોદી દ્વારા કબજે લેવાયેલ ઉત્તરવહીઓ અંગેની સિન્ડિકેટ સમક્ષ થયેલ રજૂઆત અંગે…

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. હરિશ ડોકટર પાસેથી જપ્ત કરેલ ઉત્તરવહીઓનું પંચનામું કરી કુલસચિવશ્રીને સુપ્રત કરવી તથા શ્રી હરિશ ડોકટરને શો કોઝ નોટીસ આપી વિગતવાર તપાસ કરવા મા. કુલપતિશ્રીને અધિકૃત કરવા તથા ઘટતી કાર્યવાહી કરવાની સત્તા આપવી.

**ને બદલે**

:: આથી **<u>બહુમતીએ</u>** ઠરાવવામાં આવે છે કે, ડૉ. હરિશ ડોકટર પાસેથી જપ્ત કરેલ ઉત્તરવહીઓનું પંચનામું કરી કુલસચિવશ્રીને સુપ્રત કરવી તથા શ્રી હરિશ ડોકટરને શો કોઝ નોટીસ આપી વિગતવાર તપાસ કરવા મા. કુલપતિશ્રીને અધિકૃત કરવા તથા ઘટતી કાર્યવાહી કરવાની સત્તા આપવી.

**વાંચનમાં લેવું**

**મા.કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત**

**૪.** યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર, ડૉ. પી. બહાદૂરના તા.૪–૧–૦૮ (૪–૨–૦૮) પત્રથી કરેલ વિનંતી અંતર્ગત સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના તા. ૪–૧–૨૦૦૮ (૪–૨–૦૮) ના પત્ર સંદર્ભમાં અગાઉના SC Johnson Co. (USA) Project સફળતાપૂર્વક સંપૂર્ણ થયા બાદ ફરીથી તેજ કંપની દ્વારા another project with a maximum amount up to $20,000 પ્રોજેકટ New SC Johnson Breakthrough નિયમાનુસાર consultancy project હાથ ધરવા નીચે દર્શાવેલ શરતોને આધિન આપેલ પરવાનગી અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા લીધેલ પગલાંની નોંધ લેવા બાબત..

**શરતો :–**

(૧) નવા આજ કંપનીના પ્રોજેકટ અંગે બેંકનું જુનું ખાતું કુલસચિવશ્રી અને આપના સંયુકત નામથી ઓપરેટ કરવાનું રહેશે.

(૨) નવા consultancy project અંગે મળેલ કે મળનાર રકમના સિન્ડિકેટ તા.૧૪–૮–૯૬ ની સભાના બાબત ક્રમાંક :૪૧ થી ઠરાવ્યાનુસાર કુલ રકમના ૪૦% રકમ યુનિવર્સિટી ખાતે જમા કરવાની રહેશે.

(૩) આપના નવા પ્રોજેકટ અંગે નાંણાની લેવડ–દેવડ અંગે નિયમાનુસાર જરૂરી ઓડિટ કરાવવાનું રહેશે.

(૪) આ પરવાનગી સિન્ડિકેટની આખરી મંજૂરીને આધિન રહેશે.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૫.** સિન્ડિકેટ તા. ૨૯–૪–૨૦૦૮ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૦૩) અન્વયે, બી.બી.એ., બી.કોમ., બી.સી.એ.ના વર્ગો વધારવાની સત્તા ધોરણ–૧૨ના પરિણામો બાદ મા.કુલપતિશ્રીને સોંપવાનું ઠરાવતાં, કોલેજો તરફથી વધારાના વર્ગો વધારવાની માંગણી કરતાં મા. કુલપતિશ્રીએ નીચેની કોલેજોને વધારાના વર્ગની શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ માટે પરવાનગી આપી છે, જે જાણ સારૂ.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ |
|---|---|---|
| ૧. | શ્રી તાપી બ્રહ્મચાર્યશ્રમ સભા, સુરત દ્વારા નવી શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ઈન્ફર્મેશન સાયન્સીસ, સુરત | બીબીએ (નવું જોડાણ) |
| ૨. | લક્ષ્મી ઇન્સ્ટિટયૂટ ઓફ કોમર્સ, લક્ષ્મી વિદ્યાપીઠ, સરીગામ, પો.ઓ.: વલસાડ. | બીબીએ |
| ૩. | લક્ષ્મી ઇન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, લક્ષ્મી વિદ્યાપીઠ, સરીગામ, પો.ઓ.: વલસાડ. | બીસીએ |
| ૪. | ધી સુરત પીપલ્સ કો.ઓ.બેંક કોલેજ ઓફ બિઝનેશ એડ્મીનીસ્ટ્રેશન, આર્દશ કેમીકલ સામે, ઉધના– ભેસ્તાન રોડ, સુરત. | બીબીએ |
| ૫. | સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત દ્વારા નવી ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત. | કોમર્સ (નવું જોડાણ) |
| ૬. | વી.એસ.પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરા. | બીસીએ |
| ૭. | ડી.આર. પટેલ એન્ડ આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા. | બી.કોમ. |
| ૮. | સી.બી.પટેલ કોમ્પ્યુટર કોલેજ, ભરથાણા. | બીસીએ |
| ૯. | નવનિર્માણ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ(નીમ), ભરથાણા. | બીબીએ |
| ૧૦. | સુરત એજયુકેશન સોસાયટી, સુરત દ્વારા સૂચિત નવી સુરત એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત. | બીસીએ અને બીબીએ (નવું જોડાણ) |
| ૧૧. | શ્રી માધવ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, પાંડેસરા, સુરત. | બીસીએ |
| ૧૨. | નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારી. | બીસીએ |
| ૧૩. | જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી. | બી.બી.એ., |
| | | બી.સી.એ. |
| | | બી.કોમ. |
| ૧૪. | વીવેકાનંદ કોલેજ ફોર એડવાન્સ્ડ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ, સુરત. | બી.સી.એ. |
| ૧૫. | તક્ષશિલા કોલેજ, વડોદરા. | બીસીએ |
| ૧૬. | શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ ઈ.ઈ.લહેર કોસાડીયા કોસર્મ કોલેજ, ચીખલી. | બીસીએ |
| ૧૭. | દોલત–ઉષા ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, તીથલ રોડ, વલસાડ. | બીસીએ |

(સિન્ડિકેટ)

:: સદર બાબતની નોંધ લીધી,

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી એક મહીનામાં કરવી તથા અન્ય તમામ શરતોની પૂર્તતા કરવી અને એક મહિના બાદ પૂર્તતાનો અહેવાલ મંગાવવો.

**૬.** યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગના રીડર એન્ડ ઓફીસીયેટીગ હેડ ડૉ. વિપુલ જે. સોમાણીના પત્ર ક્રમાંકઃ વીજેએસ/૫૧/૨૧૩૨/૦૭–૦૮, તા. ૫–૪–૨૦૦૮ થી તેઓને Government of India, Ministry of Rural Development. Dept. of Drinking Water Supply ના Director (CRSP) દ્વારા મળેલ મંજૂરી સંદર્ભમાં Consultancy Project હાથ ધરવા નીચેની શરતોને આધિન આપેલ પરવાનગી અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.....

**શરતો :–**

(૧) આપને મળેલ પ્રોજેકટની રકમ અંગે નાંણાકીય લેવડ દેવડ અંગે કુલસચિવશ્રી અને આપના નામથી સંયુકત રીતે ઓપરેટ કરી શકાય તે રીતે બેંકમાં અલગથી ખાતુ ખોલાવવું.

(૨) આ પ્રોજેકટ હાથ ધરવા અંગેની આખરી મંજૂરી સિન્ડિકેટના નિર્ણયને આધિન રહેશે.

(૩) આપના દ્વારા Consultancy Project હાથ ધરનાર હોય જેથી સિન્ડિકેટ તા.૧૪–૮–૯૬ નીસભાના બાબત ક્રમાંક : ૪૧ થી ઠરાવ્યાનુસાર પ્રોજેકટ હેઠળ મળનાર કુલ રકમના ૪૦% રકમ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી અને ઉપરોકત શરતોમાં નીચેની શરતોનો ઉમેરો કરવો.

(૪) આપના નવા પ્રોજેકટ અંગે નાણાંની લેવડ દેવડ અંગે નિયમાનુસાર જરૂરી ઓડીટ કરાવવાનું રહેશે.

**૭.** યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં લેકચરર તરીકે (બે વર્ષના અજમાયશી સમય માટે) ફરજ બજાવતાં શ્રી સૈલેષ આર. પટેલની વિનંતી અંતર્ગત તેઓ ઓસ્ટ્રેલીયા મુકામે ગયા હતાં જેમાં તેઓની રજાનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી પરત ન આવેલ જે અંતર્ગત તેઓ એડવાન્સમાં તેઓનું રાજીનામું ગણવા સબબ તેઓની વિનંતી અંતર્ગત તેઓને આ યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગની લેકચરરની જગા પર તા. ૨૯–૧૦–૨૦૦૭ના કાર્યાલય સમય બાદ અમલમાં આવે તે રીતે રાજીનામુ મંજૂર કરવા માનનીય કુલપતિશ્રી દ્વારા લીધેલ પગલાંની નોંધ લેવા બાબત..

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

૮. જુદા જુદા વિષય/ ફેકલ્ટી હેઠળ એમ.ફિલ અને પીએચ.ડી પદવી માટે સંશોધન કરનાર વિદ્યાર્થીઓના પરિણામ (By Result Notification) જાહેર કરાવ સિન્ડિકેટના તા.૧૫–૦૬–૧૯૮૮ ના ઠરાવ નં–૩ અન્વયે કુલપતિશ્રી ને સત્તા આપેલ હોય, તે મુજબ તા. ૦૧–૦૪–૨૦૦૭ થી ૩૧–૦૩–૨૦૦૮ ના સમયગાળા દરમ્યાન આ સાથે બિડેલ યાદી મુજબના જે તે સંબંધકર્તા વિદ્યાર્થીઓના પરિણામ જાહેર કરવા બાબત કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા / જાણમાં લેવા બાબત... ...

(અનુસ્નાતક)

:: સદર બાબતની નોંધ લીધી.

૯. સિન્ડિકેટે તેની તા. ૨૫ – ૦૧– ૨૦૦૧ની સભાના ઠરાવ નંબર – ૪૦થી યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને રેન્ક સર્ટિફિકેટ આપવાનું ઠરાવેલ છે, પરંતુ ૨૦૦૧ પહેલાના વિદ્યાર્થીઓને રેન્ક સર્ટિફિકેટ આપવા બાબતે ઠરાવમાં ઉલ્લેખ કરેલ નથી. જેથી ૨૦૦૧ પહેલાના વિદ્યાર્થીઓને રેન્ક સર્ટિફિકેટ આપવા અંગે વિચારણા કરવા બાબત........

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જો વિદ્યાર્થી રેન્ક સર્ટીફીકેટની માંગણી કરે તો યુનિવર્સિટી પાસે જયાં સુધીનો રેકર્ડ ઉપલબ્ધ હોય ત્યાં સુધીનાં વિદ્યાર્થીઓને રૂા. ૫૦/– ફી લઈ કાઢી આપવું.

**૧૦.** સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતના ઈલેકટ્રીકલ વિભાગના પ્રા. અદિતિબેન હજારીએ નવેમ્બર–૨૦૦૭ માં લેવાયેલ બી.ઈ.–૩ (ઈલેકટ્રીકલ) (ત્રીજા સેમેસ્ટર) ની પરીક્ષામાં ઈલેકટ્રીકલ મશીન–૧ વિષયમાં થીયરીના ટયુટોરીયલ (ઈન્ટરનલ) ગુણ સમયસર મોકલાવેલ નથી જેથી પરિણામ તૈયાર કરવામાં વિલંબ થયેલ છે. ઈ.ચા. પરીક્ષા નિયામકશ્રીએ વિલંબનું કારણ પૂછતા ઉધ્ધત તથા અયોગ્ય જવાબ આપી તેઓશ્રીનું અપમાન કરેલ છે.

ઉપરોકત વિગતોને ધ્યાનમાં લઈ આવતા પાંચ વર્ષ માટે ઈજનેરી વિદ્યાશાખાની થીયરી કે પ્રેકટીકલ પરીક્ષાઓમાં પ્રાશ્નિક/પરીક્ષક તરીકે તેમજ પરીક્ષાની કોઈપણ કામગીરી માટે એમની નિમણૂંક પર પ્રતિબંધ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રા. અદિતીબેન હજારીની આ બાબતે ઠપકો આપવો અને ભવિષ્યમાં આવું ન બને તેના માટે તાકીદ કરવી.

**૧૧.** યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કોલેજોમાં આચાર્ય, આસી. પ્રોફેસર, પ્રોફેસર, વ્યાખ્યાતાની પસંદગી માટે ડિપ્લોમા ફાર્મસી કોલેજોનો અનુભવ ગણત્રીમાં લેવો કે કેમ ? તે ઉપર એકેડેમિક કાઉન્સિલે તેના તા. ૧૭–૪–૨૦૦૮ની સભાના ઠરાવ ક્રમાકઃ ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૧૭ – ૪– ૨૦૦૮ની ભલામણ ક્રમાંક :(૨)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કોલેજમાં આચાર્ય, આસી. પ્રોફેસર, પ્રોફેસર, વ્યાખ્યાતાની પસંદગી માટે ડિપ્લોમાં ફાર્મસી કોલેજનો અનુભવ **(At par)** ગણવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭ – ૪ – ૨૦૦૮ની ભલામણ ક્રમાંક : (૨) નો સ્વીકાર કરવો.

**૧૨.** એકેડેમીક કાઉન્સિલ તા. ૧૭ – ૪ – ૨૦૦૮ના ઠરાવ ક્રમાંક : ૪ ની નીચેની બાબત પર વિચારણા કરવા બાબત....

યુજીસી ન્યુ દિલ્હલના **Under Secretary, Shri V. K. Jaiswal** નો પત્ર ક્રમાંક : **F14-5/ 2008 (CPPII) March, 2008** ના પત્રની સાથે સામેલ કરેલ **MHRD -** ન્યુ દિલ્હીનો પત્ર (નકલ) તા.૨૨મી. જાન્યુઆરી/ ૧૩ મી માર્ચથી જણાવ્યા અનુસાર, યુનિવર્સિટી કેમ્પસમાં કેન્દ્રીય વિદ્યાલય સ્થાપવા માંગતા હોય તો, યુનિવર્સિટીએ **Ministry of Human Resource Development, Department of Secondary Education and Literacy, Shastri Bhavan, New Delhi - 110001**ને પ્રપોઝલ મોકલવાની રહેશે, જે અંગે વિચારણા કરવા બાબત....

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં કેન્દ્રીય વિદ્યાલય સ્થાપવા માંગતા હોય તો, યુનિવર્સિટીએ **Ministry of Human Resource Development, Department of Secondary Education and Literacy, Shastri Bhavan, New Delhi - 110 001** ને પ્રપોઝલ મોકલવા અંગે યુજીસી ન્યુ દિલ્હીના **Under secretary, Shri V. K. Jaiswal** નો પત્ર ક્રમાંક : **F14-5/ 2008 (CPPII) March, 2008** ના પત્રની સાથે સામેલ કરેલ **MHRD-** ન્યુ દિલ્હીના પત્રનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે, અને તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે.

(યુજીસી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવી.

૧૩. કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટી બનાવવા અંગે કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા.૦૩–૦૪–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે કરેલી ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૦૯–૦૪–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ પરત્વે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭–૦૪–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૪ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા. ૦૩–૦૪–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૬</u>**

કોમ્પ્યુટર સાયન્સ એક વિસ્તૃત અને ઈન્ટર ડીસીપ્લીનરી પ્રોગ્રામ તરીકે વિકાસ પામ્યુ છે. અને એની ચોકકસ જરૂરીયાતો અને પ્રશ્નોના નિકાલ યોગ્ય રીતે થઈ શકે અને આ અભ્યાસક્રમોનો યોગ્ય વિકાસ થઈ શકે એ માટે કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટીની અલગ રચના કરવા માટે વિજ્ઞાન વિદ્યાશાખાને ભલામણ કરવી.

**<u>વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૦૯–૦૪–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટી બનાવવા અંગે સુધારેલો સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

**<u>સ્ટેટયૂટ – ૧૦૬</u>**

**<u>(11) FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

Computer Science
Information Technology
Information & Communication Technology
Bio-Informatics

**<u>સ્ટેટયૂટ – ૧૨૦</u>**

**17. <u>FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

78. Computer Science
79. Information Technology
80. Information & Communication Technology
81. Bio-Informatics

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૦૪–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૫૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોમ્પ્યુટર સાયન્સની ફેકલ્ટી બનાવવા અંગે સુધારેલો સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ નો પાઠ નીચે પ્રમાણે આમે જ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>સ્ટેટયૂટ – ૧૦૬</u>**

**<u>(11) FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

Computer Science
Information Technology
Information & Communication Technology
Bio-Informatics

**<u>સ્ટેટયૂટ – ૧૨૦</u>**

**17. <u>FACULTY OF COMPUTER SCIENCE & INFORMATION TECHNOLOGY</u>**

78. Computer Science
79. Information Technology
80. Information & Communication Technology
81. Bio-Informatics

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારી સેનેટને ભલામણ

કરવી અને સેનેટમાં આ દરખાસ્ત **શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા** પાસે મુવ **( MOVE )**કરાવવી.

**૧૪.** યુનિવર્સિટી દ્વારા એપ્રિલ–૨૦૦૬માં લેવાયેલ એમ.બી.એ. ત્રીજા સેમેસ્ટરના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વિદ્યાર્થી કુરાપતિ શ્રીનિવાસ નરસિંહ રાવની તારીખ : ૧૮–૧૦–૨૦૦૭ની અરજી અવલોકનાર્થે સાદર કરેલ છે.

એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૩–૦૨–૨૦૦૬ના ઠરાવ નં. ૫૬ થી એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ઈવનીગ) અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એપ્રિલ–૨૦૦૬માં જૂના કોર્ષ પ્રમાણે પરીક્ષા આપવાની છૂટ આપવામાં આવી હતી.

પરંતુ એપ્રિલ–૨૦૦૬ના એમ.બી.એ. ત્રીજા સેમેસ્ટરના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, સુરતના વિદ્યાર્થી કુરાપતિ શ્રીનિવાસ નરસિંહરાવ તેમણે સને ૧૯૯૬–૯૭માં એમ.બી.એ.માં રજીસ્ટ્રેશન કરાવેલ છે. અને પોસ્ટ ગ્રેજયુએટના નિયામાનુસાર પાંચ વર્ષમાં તમામ પરીક્ષા પાસ કરવાની હોય છે. પરંતુ સદર વિદ્યાર્થીની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં શરતચૂકથી એપ્રિલ–૨૦૦૬માં સદર વિદ્યાર્થીને ડિપાર્ટમેન્ટે પરીક્ષામાં બેસવા દીધા હતા તેવા સંજોગોમાં સદર વિદ્યાર્થીના ડિસેમ્બર–૧૯૯૮ના એમ.બી.એ. પાંચમા સેમેસ્ટરના બેઠક ક્રમાંકઃ–૧ અને માર્ચ–૧૯૯૯ના એમ.બી.એ. છઠ્ઠા સેમેસ્ટરના બેઠક ક્રમાંકઃ–૩ નું પરિણામ અટકાવેલ છે. સદર વિદ્યાર્થીના કિસ્સામાં પીજી માટેની પાંચ વર્ષની મુદ્દત પૂરી થતી હોય તેવા સંજોગોમાં અટકાવેલ પરિણામો જાહેર કરવા કે રદ કરવા ? તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ સદર કેસની વિગતવાર નોંધ સહિત આગામી સભામાં પુનઃ રજૂ કરવું.

**૧૫.** યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર વિભાગના રીડર અને ઓફીસીએટીંગ હેડ ડૉ. એ. જે. રાજયગુરૂએ નવી કોમ્પ્યુટર લેબ માટે ફરનીચર અને સાધન સામગ્રી ખરીદવા રૂા. ૨૩,૧૫,૦૦૦/– સીડ મનીની કરેલ માંગણી પર તા. ૬–૫–૦૮ ના રોજ મળેલ નાણાં સમિતિનાં નીચે મુજબના ઠરાવ ક્રમાંક : ૫ પર વિચારણા કરવા બાબત :–

" નવી કોમ્પ્યુટર લેબનાં ફરનીચર અને સાધન સામગ્રી ખરીદવા રૂા. ૨૩,૧૫,૦૦૦/– સીડ મનીની માંગણી, અમુક વર્ષોમાં પરત કરવાની શરતે, મંજૂર કરવામાં આવે છે. "

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, Paying Capacity વિગેરે બાબતે પુનઃ વિચારણા કરવા ECને રિફર બેક કરવામાં આવે છે.

૧૬. પ્રમુખશ્રી, યુનિવર્સિટી કર્મચારી મંડળ, તેના તા. ૨૨–૨–૦૮ ના પત્રાંક : મંડળ/૦૬/૨૦૦૮ અન્વયે પરીક્ષાના કામે બહારગામ જતાં ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને ફીક્સ ડી.એ. રૂા. ૧૫૦/– તથા લોકલ રૂટ પર જતાં કર્મચારીઓને ફીક્સ ડી. એ. રૂા. ૭૫/– આપવા અંગે કરેલ માંગણી પર તા. ૬–૫–૦૮ ના રોજ મળેલ નાણાં સમિતિના નીચે મુજબનાં ઠરાવ ક્રમાંક : ૨ પર વિચારણા કરવા બાબત :–

" (૧) વર્ગ–૩ અને તેની ઉપરના કર્મચારીઓ પરીક્ષાના કામે બહારગામ જાય તો રૂા. ૭૫/– ને બદલે રૂા.૧૦૦/– ચૂકવવા.

(૨) વર્ગ–૪ ના કર્મચારીઓ પરીક્ષાના કામે બહારગામ જાય તો રૂા. ૭૫/– ચૂકવવા.

(૩) વર્ગ–૩ અને તેની ઉપરના કર્મચારીઓ પરીક્ષાના કામે લોકલ રૂટ પર જાય તો રૂા. ૫૫/– ને બદલે રૂા. ૬૦/– ચૂકવવા.

(૪) વર્ગ–૪ ના કર્મચારીઓ પરીક્ષાના કામે લોકલ રૂટ પર જાય તો રૂા. ૫૫/– ચૂકવવા. "

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમગ્ર બાબત માટે સર્વગ્રાહી અભ્યાસ કરવા માટે એક સમિતિ બનાવવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

૧૭. વિવિધ કોલેજો તથા યુનિવર્સિટીના કેમ્પસ પર ચાલતા વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં નિમવામાં આવતા મુલાકાતી પ્રાધ્યાપકોને, એમ. ફીલ. માં આવતા મુલાકાતી પ્રાધ્યાપકોને ટી. એ./ ડી. એ. અને માનદ્વેતનના બદલે તાસ દિઠ રકમ ચૂકવવા અંગે સિન્ડિકેટ સભાની તા. ૨૧ / ૬ / ૦૭ના ઠરાવ – ૭૬ને લક્ષ્યમાં લઈ ટી.એ./ ડી. એ./ માનદ્વેતનના બદલે કરકસરના પગલા રૂપે તાસ દિઠ રૂા. ૨૦૦/ – માનદ્વેતન વધુમાં વધુ ૪૦ તાસ માટે આપવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨૧/ ૬/ ૨૦૦૭નો ઠરાવ ૭૬ને યથાવત ચાલુ રાખવો.

૧૮. વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ બીલીમોરાના વિદ્યાર્થીનો આંતર કોલેજ કબડ્ડી ટુર્નામેન્ટમાં પગમાં થયેલ ફેકચર અંગે નાણાંકીય સહાય કરવા માટે આચાર્યશ્રીના પત્ર ક્રમાંકઃ ૪૯૯/૨૦૦૭–૦૮ તા. ૧૪/૦૮/૨૦૦૭થી શ્રી પંકેશ પટેલને રૂા. ૪૦,૦૦૦/– ઓપરેશનનાં ખર્ચ આપવા અંગે બોર્ડ ઓફ સ્પોર્ટસની મંજૂરીની અપેક્ષાએ ચેરમેનશ્રીએ મંજૂર કરેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

(યુ.ક.અને શા.શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ખાસ કિસ્સા તરીકે રૂા. ૧૦,૦૦૦/– ની નાણાંકીય સહાય મંજૂર કરવી.

**૧૯.** જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, સુરત દ્વારા સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોલજ ઓફ કોમર્સ, અમરોલી, સુરતનું નવું નામ નામકરણ "વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ " (ગુજરાતી માઘ્યમ) તથા જીવન જયોત આર્ટ્સ કોલેજ, અમરોલી, સુરતનું નવું નામ નામકરણ " આર.કે.શાહ વિમેન્સ આર્ટ્સ કોલેજ " અમરોલી, સુરત કરેલ છે તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત કોલેજના માનદ્ મંત્રીશ્રીના તા.૨૨–૫–૨૦૦૮ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી, સુરત દ્વારા સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોલજ ઓફ કોમર્સ, અમરોલી, સુરતનું નવું નામ નામકરણ " પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, (અંગ્રેજી માઘ્યમ), વી. એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ ( ગુજરાતી માઘ્યમ), આર. કે. શાહ વિમેન્સ આર્ટ્સ કોલેજ, અમરોલી, સુરત " રાખવા અંગેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

**૨૦.** યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટની ખાલી પડેલ જગા પર બઢતી આપવા અંગે એડવોકેટ શ્રી હેમંતભાઈ દેસાઈ, ૬૦૨, અણમોલ કોમ્પ્લેક્ષ, રાધેનગરની સામે, સરગમ શોપીંગ સેન્ટર પાસે, સુરત પાસેથી માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર અભિપ્રાય મંગાવતા તેઓએ તા.૧૭–૫–૨૦૦૮ થી કાર્યાલયને મોકલેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: સદર બાબતની ચર્ચામાં નીચેના મુદ્દાઓને ઘ્યાનમાં લેવામાં આવ્યાં હતાં.

(૧) યુનિવર્સિટી લાયબ્રેરીની ટેકનીકલ આસિસ્ટન્ટની જગ્યા યુનિવર્સિટીનાં સામાન્ય વહીવટી જગ્યાઓના કેડરની વ્યાખ્યામાં આવતી નથી. આ કેડર પોસ્ટ નથી. આ જગ્યા B Lib. Sc.,ની શૈક્ષણિક લાયકાત ધરાવતાં સિનીયર મોસ્ટ કર્મચારીને પ્રમોશન/ બઢતી આપી ભરી શકાશે તેવી જોગવાઈ છે.

(૨) રોસ્ટરનાં લાગુ પડતાં ટેબલ ક્રમ મુજબ આ જગ્યા બીન – અનામતના ક્રમાંકમાં આવે છે.

ઉપરોક્ત બાબતોને ઘ્યાને લઈ આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટના તા. ૨૧ –૬ – ૨૦૦૭નાં ઠરાવ ક્રમાંક : ૮૦ ને સ્વીકારવો અને તે પ્રમાણે શ્રીમતી આર. કે. શાહને બઢતી આપવી અને આ બઢતીનો અમલ નિયમાનુસારની તારીખથી કરવો.

**૨૧.** ફેકલ્ટી ઓફ ટેકનોલોજી ઈન્કલુડીગ એન્જિનીયરીગ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી હેઠળ જોડાવાની હોવાથી આર્કિટેકચર ફેકલ્ટી અલગ બનાવવા અંગે ઈજનેરી વિદ્યાશાખાની તા.૨૫–૦૪–૦૮ ની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૦૫–૦૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૧ અન્વયે સ્વીકારી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૦૫–૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૫૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર ફેકલ્ટી અલગ બનાવવા અંગે સ્ટેટયૂટ – ૧૦૬ અને સ્ટેટયૂટ – ૧૨૦ નીચે પ્રમાણે આમે જ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>સ્ટેટયૂટ – ૧૦૬</u>**

**(12) <u>Faculty of Architecture & Design</u>**

Architecture

Interior Design

**<u>સ્ટેટયૂટ – ૧૨૦</u>**

**<u>18. Faculty of Architecture & Design</u>**

82. Architecture

83. Interior Design

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩ – ૦૫ – ૦૮ની સભાની ભલામણ ક્રમાંક : ૫૧નો સ્વીકાર કરવો.

**૨૨.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧ /૩ / ૨૦૦૮ની સભાની કાર્યવાહી બાબત ક્રમાંક : ૦૬માં એપ્રિલ – ૨૦૦૭માં લેવાયેલ એમ. એ. ભાગ – ૨ બેઠક નંબર : ૦૧૩૯૨ શરતચૂકથી લખાયેલ હોય, ખરેખર એમ. એ. ભાગ – ૨ બેઠક નંબર : ૦૧૩૭૨ છે. જેથી પરીક્ષા આચાર સમિતિની કાર્યવાહીમાં તેમજ સિન્ડિકેટના ઠરાવમાં બેઠક નંબર : ૦૧૩૯૨ની જગ્યાએ બેઠક નંબર : ૦૧૩૭૨નો સુધારો તેમજ તે પ્રમાણે અમલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી.

**૨૩.** યુનિવર્સિટી કાર્યાલય ખાતે ઉપયોગમાં લેવાતી મારૂતી એસ્ટીમ નંબર જી જે–૫ એજી – ૩૫૦૨ રાઈટ ઓફ **(WRITE OFF)** કરી વેચી દેવા અંગે તથા તેની જગ્યાએ નવી મારૂતી એસ્ટીમ કાર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાઈટ ઓફ **(WRITE OFF)** કરવા અંગેની ઘટતી કાર્યવાહી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ગાડી બદલામાં મા. કુલપતિશ્રી માટે નવી કાર ખરીદવા ઘટતી કાર્યવાહી કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૨૪.** મેડીકલ ફેકલ્ટીનાં બાયોકેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની સુરત મ્યુનિસીપલ ઈન્સ્ટીટયૂટ ઓફ મેડિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (સ્મીમેર), સુરતનાં પ્રોફેસર ડૉ. ડી.વી.એસ.એસ. રામાવતરમની અરજીની સમીક્ષા તબીબી વિદ્યાશાખાની તા. ૩–૩–૨૦૦૭ ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૧ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૬–૯–૨૦૦૭ ની સભાની ભલામણ ક્રમાંકઃ ૨૬ ને સિન્ડિકેટની તા. ૮–૧૦–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૯ મુજબના સ્વીકારેલ ઓર્ડિનન્સ 108 (111) પ્રમાણે મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રીના હકારાત્મક અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી.

**૨૫.** યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ વહીવટી કર્મચારીઓને આપવામાં આવેલ બઢતી સંદર્ભમાં એક વર્ષના અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | વિભાગ | બઢતીની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી બી.બી.દેસાઈ | કાર્યાલય અધિક્ષક | અનુસ્નાતક વહીવટી સંકુલ | ૩૦–૬–૨૦૦૭ | ૨૯–૬–૨૦૦૮ |
| ૨ | કુ.બી.સી.દેસાઈ | હેડ કલાર્ક | પરીક્ષા | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૩ | શ્રી આર.આર.દેસાઈ | હેડ કલાર્ક | પરીક્ષા | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૪ | શ્રીમતી ડી.એસ. બદામી | હેડ કલાર્ક | પરીક્ષા | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૫ | શ્રીમતી વાય.એ. દસાડીયા | હેડ કલાર્ક | યુજીસી | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૬ | શ્રીમતી એસ.ડી. પરમાર | સિનિયર કલાર્ક | પરીક્ષા | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૭ | શ્રીમતી જે. જે. દેસાઈ | સિનિયર કલાર્ક | પરીક્ષા | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૮ | શ્રીમતી કે. એસ. લખપતિ | સિનિયર કલાર્ક | વહીવટી | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૯ | શ્રી એચ. ટી. દેસાઈ | સિનિયર કલાર્ક | ગ્રંથાલય | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૧૦ | શ્રી આર. સી. સુરતી | સિનિયર કલાર્ક | વહીવટી | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ક્રમાંક : ૧ થી ૫ ને નિયમાનુસાર કાયમ કરવા ક્રમાંક : ૬, ૭, ૮ અને ૯

ને ૧ વર્ષના સમયગાળામાં " C. C. C." (સી. સી. સી.) પાસ કરવાની રહેશે તે શરતે કાયમી કરવા તથા જો શરત પરિપૂર્ણ ન કરે તો ઈજાફા અટકાવવા અને ક્રમાંક : ૧૦ શ્રી આર. સી. સુરતીને નિવૃત્તિના ખાસ કેસમાં કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા " C. C. C." (સી. સી. સી.) સ્તરની પરીક્ષા

પાસ કરવામાંથી મુકિત આપવી.

**૨૬.** શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને શિક્ષણ વિદ્યાશાખા હેઠળની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં સત્રદિઠ લેવાતી ફીનાં ધોરણો નકકી કરવા બનેલી સમિતિએ નકકી કરેલી ફી માં આંતરિક પરીક્ષા ફી નકકી કરવા વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ આંતરિક પરીક્ષા ફી વિનયન અને વાણિજય વિદ્યાશાખામાં સત્રદીઠ રૂા. ૬૦/– અને વિજ્ઞાન વિદ્યાશાખાની સત્રદીઠ ફી રૂા. ૭૦/– લેવી.

**૨૭.** અખંડ આનંદ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી સરયુબેન પોપટલાલ વ્યાસ આર્ટ્સ એન્ડ શ્રીમતી દયાકોરબેન વજેચંદ શાહ કોમર્સ કોલેજ, સુરતનું નવું નામકરણ " શ્રીમતી સરયુબેન પોપટલાલ વ્યાસ આર્ટ્સ એન્ડ અખંડ આનંદ કોમર્સ કોલેજ, સુરત કરેલ છે તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટના પ્રમુખશ્રીના તા.૧૯/૫/૨૦૦૮ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અખંડ આનંદ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી સરયુબેન પોપટલાલ વ્યાસ આર્ટ્સ એન્ડ શ્રીમતી દયાકોરબેન વજેચંદ શાહ કોમર્સ કોલેજ, સુરતનું નવું નામકરણ " શ્રીમતી સરયુબેન પોપટલાલ વ્યાસ આર્ટ્સ એન્ડ અખંડ આનંદ કોમર્સ કોલેજ, સુરત " રાખવા અંગેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

**૨૮.** યુનિવર્સિટી કેમ્પસ પર જે.પી.ડાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના બિલ્ડિંગમાં M.Sc. **(IT)** અને **M.Sc. (ICT)** ના અભ્યાસક્રમ ચાલે છે. જે.પી.ડાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના બિલ્ડિંગના બાંધકામ માટે ડાવર ચેરીટેબલ ટ્રસ્ટએ રૂા. ૫૦ લાખનું ડોનેશન આપ્યું હતું. આ ડાવર ચેરીટેબલ ટ્રસ્ટ, અઠવાલાઈન્સ, સુરતના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ, સદરહુ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે સ્પેશીયલ કેસ તરીકે અન્ય વિદ્યાર્થીઓથી અલગ જનરલ મેરીટ વિના બે વધારાની બેઠકો પર બે વિદ્યાર્થીઓના નામની ભલામણ ટ્રસ્ટ કરી શકે તે અંગેની મંજૂરી આપવા વિનંતી કરી છે. સદરહુ ટ્રસ્ટના આ તારીખ વગરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને નામંજૂર કરવી.

**૨૯.** સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત સર કે. પી. કૉલેજ ઓફ કોમર્સ, સુરતના આચાર્યશ્રી યુ. ટી. દેસાઈએ તેમના તા. ૧૫–૫–૨૦૦૮ ના પત્રાંકઃ પી. જી. કોર્ષ / ૯૮ / ૨૦૦૮–૨૦૦૯ થી, પી. જી. ડીપ્લોમાં ઈન ટેક્ષ મેનેજમેન્ટ અને પી. જી. ડીપ્લોમાં ઈન ઈન્ટરર્નલ ઓડીટનો અભ્યાસક્રમ ચાલે છે. યુનિ. દ્વારા આ અભ્યાસક્રમ માટે મંજૂર થયેલ ફી સ્ટ્રકચર મુજબ જ નીચે જણાવેલ નવા અભ્યાસક્રમની ફી લેવાની મંજૂરી આપવા અંગે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**<u>નવા અભ્યાસક્રમ :</u>**

૧. પી. જી. ડીપ્લોમાં ઈન કો. ઓ. મેનેજમેન્ટ

૨. પી. જી. ડીપ્લોમાં ઈન ઈન્સ્યુરન્સ બીઝનેસ

૩. પી. જી. ડીપ્લોમાં ઈન ફાયનાન્સીયલ બીઝનેસ

૪ પી. જી. ડીપ્લોમાં ઈન કોમ્પ્યુટર બેઈઝ એકાઉન્ટિંગ

૫. પી. જી. ડીપ્લોમાં ઈન ઈન્ટરનેશનલ બીઝનેસ

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને **પરિશિષ્ટ : " ક "** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટ : " ક ")**

**૩૦.** સ્વનિર્ભર સંસ્થાઓમાં ૨૦૦૮–૦૯ માં ફી વધારો કરવા માટે જુદી જુદી સંસ્થાઓનાં સૂચનો આવેલા છે. તે પર ફી વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમગ્રલક્ષી અભ્યાસ માટે મા. કુલપતિશ્રીને સમિતિ બનાવવાની સત્તા આપવી અને મા. કુલપતિશ્રી તે સમિતિના અધ્યક્ષ રહેશે અને ક્રમાંક : ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ની હાલમા જૂની ફી યથાવત રાખવી અને ક્રમાંક : ૪ની ફી રૂા. ૫૦૦૦/– **પરિશિષ્ટ : " ખ "** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટ : " ખ ")**

**૩૧.** સિન્ડિકેટની તા.૧૩–૧૨–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૮ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૨૦૦૮ થી અમલી થયેલ સ્વનિર્ભર અભ્યાસક્રમોના નિયમ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૨૦૦૯ માટે ડિપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોરમેશન સાયન્સ હેઠળ ચાલતા બી.લીબ. અને એમ.લીબ. ના સ્વનિર્ભર અભ્યાસક્રમોની **Executive Committee(EC)** ની તા. ૯–૫–૨૦૦૮ ની સભાના ઠરાવ નં. ૫ હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ ના વર્ષથી બી.લીબ./એમ.લીબ. ના અભ્યાસક્રમોની ટયુશન ફી અનુક્રમે રૂા. ૪,૦૦૦/– અને રૂા.૫,૦૦૦/– છે તેમાં વધારો કરી અનુક્રમે રૂા. ૫,૦૦૦/– અને રૂા. ૮,૦૦૦/– કરવાનો આ સભામાં સિધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ છે. જે સિન્ડિકેટની સભા સમક્ષ વિચારણા કરવા બાબત.

(યુનિવર્સિટી ગ્રંથાલય)

:: આથી ઠરાવવામાં આવ છે કે, બી.લીબ.નાં રૂા. ૫૦૦૦/– મંજૂર કરવા એમ. લીબ. નાં રૂા. ૭૦૦૦/– મંજૂર કરવા.

**૩૨.** યુજીસી ન્યુ દિલ્હી દ્વારા મળેલ પત્ર ક્રમાંકઃ F.No. 3-2/2007(CCM) Dt. 6th May 2008 થી, Govt. of India, MHRD - New Delhi દ્વારા તેમને પાઠવવામાં આવેલ પત્ર ક્રમાંક : DO No. 932/JS(MC) 08 Dt. 10-3-2008 માં દર્શાવ્યા મુજબ, Sachar Committee ના એક Survey થી, જાણ થયેલ કે, Under Graduation માં ૨૫ વિદ્યાર્થીઓમાંથી એક Muslim વિદ્યાર્થી પ્રવેશ લે છે, અને Post Graduation માં ૫૦ વિદ્યાર્થીઓમાંથી એક Muslim વિદ્યાર્થી પ્રવેશ લે છે તેથી, Muslim વિદ્યાર્થીના ભણતર સુધાર કરવા / પ્રવેશ ભરતી વધારે પ્રમાણમાં કરી શકાય તે હેતુથી Sachar Committee માં નકકી થયા મુજબ, યુજીસી ન્યુ દિલ્હી – યુનિવર્સિટી અને કોલેજોને Muslim Communities Area માં શકય હોય ત્યાં Muslim Teachers સમાવવા કરેલ ભલામણ/આદેશનો અમલ કરવા બાબત.

(યુ.જી.સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર પત્રની નોંધ લેવી.

**(પરિશિષ્ટ : " ગ ")**

**૩૩.** સુરત એજયુકેશન સોસાયટી, સુરત દ્વારા સંચાલિત **સુરત એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેશ મેનેજમેન્ટ, સુરત** (સ્વનિર્ભર અભ્યાસક્રમ બીસીએ, બીબીએ) નું નવું નામકરણ **" શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત "** કરેલ છે તો નવા નામની મંજૂરી આપવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટના અધ્યક્ષશ્રીના તા.૧૯/૫/૨૦૦૮ના પત્રાંકઃ ૩૦૮/૦૮–૦૯ તેમજ તા. ૯–૬–૨૦૦૮ના પત્રાંકઃ ૯૫૩/૦૮–૦૯ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરત એજયુકેશન સોસાયટી, સુરત દ્વારા સંચાલિત **સુરત એજયુકેશન સોસાયટી કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેશ મેનેજમેન્ટ, સુરત** (સ્વનિર્ભર અભ્યાસક્રમ બીસીએ, બીબીએ) નું નવું નામકરણ **" શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત"** રાખવા અંગેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

**૩૪.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના નિયામકશ્રીની સ્વ. નાનુભાઈ જોષીના તા. ૧૨/ ૧૦/ ૦૭ના રોજ અવસાન થતાં તેઓની બાકી લેણી રકમ જેવી કે નિવૃત્તિના લાભો, પેન્શન, ગ્રેચ્યુએટી, પગાર, તફાવત, એરીયસની રકમ તથા અન્ય તમામ પાત્ર લાભો જેવી રકમ અગાઉની શ્રીમતી બીનાબેન જોષીએ માગણી કરેલ, અને હાલ શ્રીમતી ભારતીબેન એન. જોષી અને તેમના બાળકો તરફથી આ સાથે સામેલ તેમના એડવોકેટશ્રી અંબરીષ એચ. ઓઝા મારફત વારસદાર તરીકેની વાંધા અરજી મળેલ છે. આ અંગે તેઓશ્રીના જણાવ્યાનુસાર તેઓને વિશ્વાસમાં લીધા વિના કે તેમની જાણ બહાર કોઈ કાર્યવાહી હાથ ન ધરવી જે અંગે એડવોકેટશ્રી અંબરીષ એચ. ઓઝાની તા. ૦૫/ ૦૬/ ૦૮ના પત્ર સાથે વારસદારોની વાંધા અરજી સામેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં કોઈ પેમેન્ટ કરવું નહી. બન્ને દાવેદારો પૈકી, કાયદેસરના વારસદાર કોણ છે તે નકકી થયા બાદ ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

૩૫. ભગવાન મહાવીર ફાઉન્ડેશન, ભારતીમૈયા સંકુલ, સુરતનાં સેક્રેટરીશ્રીના પત્ર સંદર્ભે એમ. એસસી. (બાયોટેકનોલોજી)નાં અભ્યાસક્રમમાં ૩૦,૦૦૦/– ટયુશન ફી નકકી કરેલ છે. પરંતુ લેબોરેટરી ઈકવીપમેન્ટ તથા અન્ય સાધનોનાં ખર્ચાઓમાં વધારો થવાથી રૂા. ૫,૦૦૦/–ની ફી વધુ લેવા જરૂરી મંજુરી માંગે છે. તે બાબતે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નિમાનાર ફી કમીટીને સમગ્ર બાબત રીફર કરવી.

૩૬. બોમ્બે પટેલ વેલફેર સોસાયટી, ભરૂચ સંચાલિત સૂચિત ઈન્સ્ટિટયુટ ઓફ ડેન્ટલ એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ, ભરૂચને આ સાથે સામેલ Form - 5 માં યુનિવર્સિટીના કુલસચિવશ્રીના પ્રમાણપત્રની માંગણી કરી છે તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલની નકલ બિડાણ તથા પ્રસ્તુત પત્ર સાથે નિયત કરેલ ફોર્મેટમાં ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીને મોકલવા માટે પ્રસ્તુત સોસાયટીના મંત્રીશ્રીએ તેમના તા. ૭–૬–૨૦૦૮ના પત્રાંક : બીપીડબલ્યુએસ/ ૩૩૬/ ૨૦૦૮ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાની માંગણી સ્વીકારવી નહી.

૩૭. બી.વી.પટેલ ઈન્સટી. ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, ગોપાલ, વિદ્યાનગર, બારડોલીનાં નિયામકશ્રી ના આવેલ ફેક્ષ અન્વયે પ્રથમ વર્ષ બીબીએ/ બીસીએ / બી.કોમ અને એમ.એસસી. બાયોટેકનોલોજી માં વધારાની ૧૦% બેઠકો ફાળવવા અંગે માંગેલી મંજુરી પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બી.વી.પટેલ ઈન્સટી. ઓફ બીઝનેશ મેનેજમેન્ટ, ગોપાલ, વિદ્યાનગર, બારડોલીનાં નિયામકશ્રી ના આવેલ ફેક્ષ અન્વયે પ્રથમ વર્ષ બીબીએ/ બીસીએ / બી.કોમ અને એમ.એસસી. બાયોટેકનોલોજી માં વધારાની ૧૦% બેઠકો ફાળવવા અંગેની માંગેલી માંગણી નામંજૂર કરવી.

૩૮. બી.યુ.ટી. તા.૧૦–૪–૨૦૦૮ ની ભલામણ ક્રમાંકઃ ૨૪ અન્વયે પીએચ.ડી. પદવીના રજીસ્ટ્રેશન અંગેની અરજીઓ ઓગષ્ટ અને ડિસેમ્બર એમ વર્ષમાં બે વખત સ્વીકારવાની અને જેથી વહીવટી રીતે એકસૂત્રતા જળવાઈ રહે તે અંગે હાલનાં પીએચ.ડી. પદવીના નિયમોમાં જરૂરી સુધારા વધારા કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ માટે પ્રથમ સત્રમાં અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ અને બીજા સત્રમાં ૩૧ જાન્યુઆરી એમ વર્ષમાં ૨ વખત પીએચ. ડી.નાં રજીસ્ટ્રેશનની અરજીઓ સ્વીકારવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી વર્ષથી અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ અનુક્રમે ૩૧મી જુલાઈ તથા ૩૧મી ડિસેમ્બર રાખવી.

૩૯. યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત દોલત–ઉષા ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીઝ, વલસાડમાં બી.સી.એ., બી.એસસી. કોમ્પ્યુટર અને પી.જી.ડી.એમ.એલ.ટી. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ થી ક્રમશઃ ફી માં નીચે મુજબ વધારો કરવા તેમજ ફી વધારો જરૂરી હોય તે મુજબ લેવામાં આવશે. એમ જણાવતાં દોલત–ઉષા ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીઝ, વલસાડના નિયામકશ્રીના તા.૯–૫–૨૦૦૮ ના પત્રાંકઃ એસએફઆઈ/૧૨/૦૮–૦૯ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અભ્યાસક્રમ | વર્ષ ૨૦૦૭–૦૮ માં લેવાયેલ ફી રૂા. | વર્ષ ૨૦૦૮–૦૯ માં લેવાયેલ ફી રૂા. | તફાવત રૂા. |
|---|---|---|---|---|
| ૧. | B.C.A | ૧૫,૯૪૦/– | ૧૯,૧૪૦/– | ૩,૨૦૦/– |
| ૨. | B.Sc. (Comp. Sc.) | ૧૩,૯૪૦/– | ૧૬,૫૪૦/– | ૨,૬૦૦/– |
| ૩. | P.G.D.M.L.T. | ૨૦,૭૪૦/– | ૨૩,૫૪૦/– | ૨,૮૦૦/– |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમગ્ર બાબત મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નિમાયેલ ફી સમિતિને રીફર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર સંસ્થાઓની ફી યુનિવર્સિટી દ્વારા નકકી કરવાની રહેશે માટે કોઈ પણ સ્વર્નિભર સંસ્થાએ યુનિવર્સિટીની મંજૂરી વગર ફી વધારો કરવો નહી.

૪૦. આ યુનિવર્સિટીની તા. ૨૯–૪–૨૦૦૮ ના રોજ મળેલ સિન્ડિકેટ સભામાં થયેલ ઠરાવ મુજબ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરભાણ (ચકલાદ) માં માર્ચ/ એપ્રિલ–૨૦૦૭ માં લેવાયેલ યુનિવર્સિટીની પરીક્ષા અંગે નિમાયેલ (Fact FindingD કમિટીએ તા. ૨૪–૧૦–૨૦૦૭ થી મોકલેલ અહેવાલ બાબતમાં ચર્ચા વિચારણા બાદ સમગ્ર બાબતની પુનઃવિચારણા માટે સમિતિની રચના કરવામાં આવી હતી. પ્રસ્તુત કિસ્સામાં સમિતિએ તપાસ કરી અહેવાલ આપેલ હોય, સામેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈ. ચા. આચાર્યશ્રી બળવંતસિંહ એન. ઠાકોરને સુપ્રિન્ટેન્ડન્ટ, પ્રાશ્નિક કે કોઈપણ પ્રકારનું પરિક્ષાનું કામ ૫ વર્ષ માટે સોંપવું નહી તેમની ઈ. ચા. આચાર્ય તરીકેની માન્યતા પરત ખેંચવી અને તેમની જગ્યાએ અન્ય શિક્ષકને ઈ. ચા. આચાર્યની નિમણુંક કરવા સંસ્થાને જણાવવું અને આગામી ૫ વર્ષ સુધીમાં શ્રી બળવંતસિંહ એન. ઠાકોરને ઈ. ચા. આચાર્ય કે આચાર્ય તરીકેની કોઈ પણ જગ્યાએ માન્યતા કે મંજૂરી આપવી નહી.

**૪૧.** શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં રીડર ડૉ. રાયસીંગભાઈ બી. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિષયમાં પીએચ.ડી. નાં અભ્યાસ માટે નોંધાયેલ વિદ્યાર્થીની નિરીક્ષા જે. દેસાઈની થીસીસ તપાસવા માટે એકેડેમિક કાઉન્સિલ ની તા. ૬–૦૯–૨૦૦૭ ની સભાએ બાબત ક્રમાંકઃ – ૩૧ અન્વયે નીચે મુજબનાં બાહ્ય નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી હતી.

(૧) ડૉ. મહેન્દ્ર ચોટલીયા – વલ્લભ વિદ્યાનગર

(૨) ડૉ. ભરત જોષી – અમદાવાદ.

નિરીક્ષા દેસાઈ તરફથી રજૂ કરાયેલ થીસીસને બંને નિષ્ણાંતો તરફથી થીસીસ તપાસાયા બાદ પીએચ.ડી. ની પદવી માટે યોગ્ય ગણાયેલ નથી અને Thesis be rejected ની નોંધ દર્શાવેલ છે, જે અંગે O.Ph.D.10 (iii) ને ધ્યાને લઈ જરૂરી ચર્ચા વિચારણા કરવા બાબત.

**<u>O.Ph.D.10 (iii)</u>**

If two external referees consider the thesis not up to the mark for the award of the degree non Viva-Voce Examination of the candidate shall be held and the report shall be placed before the syndicate for final decision. If the external referees agree that there is a prima facie for the award of the degree, a Viva-Voce Examination of the candidate shall be arranged. The referees present at the Viva-Voce test shall report jointly to the syndicate whether the thesis be accepted for the award of the degree and the syndicate shall decide whether the thesis should be accepted for the award of the degree and their decision shall be final.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બંને બાહ્ય નિષ્ણાંતોની નોંધ મુજબ વિદ્યાર્થીએ થીસીસમાં જરૂરી સુધારા વધારા કરી ૧ વર્ષમાં જરૂરી પરીક્ષા ફી લઈ પુનઃ રજૂ કરવો.

**૪૨.** સાઉથ ગુજરાત મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ, સુરત સંચાલિત સ્વનિર્ભર અભ્યાસક્રમ પી. જી. ડી. એમ. એલ. ટી.માં અપૂરતી વિદ્યાર્થી સંખ્યાને કારણે તથા પ્રસ્તુત અભ્યાસક્રમ ચલાવવામાં દર વર્ષે રૂા. ૫, ૦૦, ૦૦૦/– ની ખોટ જાય છે. આ સંજોગોને કારણે તા. ૦૭/ ૦૭/ ૨૦૦૭ના રોજ ટ્રસ્ટી બોર્ડની બેઠકમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯થી પી. જી. ડી. એમ. એલ. ટી.નો સ્વનિર્ભર અભ્યાસક્રમ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. એમ જાણ કરતા સદરહું ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ફકીરભાઈ ચૌહાણના તા. ૦૭/ ૦૧/ ૨૦૦૮ના પત્રાંક : ૦૪૭/ ૦૧/ ૨૦૦૭ ઉપર સિન્ડિકેટે તેની તા. ૬ –૨–૨૦૦૮ની સભામાં બાબત ક્રમાંક : (૪૪) અન્વયે વિચારણા કરી નીચે મુજબ ઠરાવ્યું છે :

: : આથી ઠરાવવામાં આવે છે કે, ટ્રસ્ટ દ્વારા કોલેજ બંધ કરવાની સમિતિ બનાવેલ હોય ત્યાં સુધી હાલ આ બાબતને મુલતવી રાખવી.

ટ્રસ્ટ દ્વારા કોલેજ બંધ કરવાની કોઈ જ સમિતિ બનાવવાની આવી ન હોઈ, સદરહું ઠરાવ પર પુનઃ વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા કોલેજ બંધ કરવાના નિયમો બાબતે સમીતી બનાવેલ હોય ત્યાં સુધી હાલ આ બાબતને મુલતવી રાખવી.

**૪૩.** યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડમાં પી.જી.ડી.એમ.એલ.ટી. અભ્યાસક્રમમાં વર્તમાન પરિસ્થિતિમાં દરેક ક્ષેત્રમાં થયેલા ભાવ વધારાની અસર કર્મચારીઓના પગાર, કેમિકલ્સ, સાધનો, સ્ટેશનરી અને અન્ય ખર્ચ વિદ્યાર્થી દિઠ વધી જાય છે. આ સંજોગોમાં આવક–જાવકનો તાળો મેળવવા માટે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૮–૨૦૦૯ થી ક્રમશઃ ફીમાં નીચે મુજબ વધારો કરવા અંગેની વિનંતી કરતા આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડના માનદમંત્રીશ્રીના તા. ૧૦–૪–૨૦૦૮ પત્રાંકઃ ૯/ ૦૮–૦૯ ઉપર વિચારણા કરવા બાબત.

| **Particular** | **P.G.D.M.L.T.** | |
|---|---|---|
| | **1st Term** | **2nd Term** |
| Tuition Fee | 4500 | 4500 |
| Admission Fee | 200 | - |
| Library Fee | 1500 | 1500 |
| Internal Exam Fee | 400 | 400 |
| Amenities Fee | 200 | 200 |
| Laboratory Fee | 4700 | 4700 |
| Uni.Dev. Fee | 20 | 20 |
| Sports Com.Fee | 30 | 30 |
| Deposit | 1000 | -- |
| Union Fee | -- | -- |
| Campus Dev.Fee | -- | -- |
| **Total** | **12550** | **11350** |

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ સમગ્ર બાબતને મા. કુલપતિની અધ્યક્ષતામાં નિમાયેલ કમીટીને રીફર કરવી.

**૪૪.** યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર, ડૉ. પી. બહાદૂરને Prof. A. Blume and German Academic Exchange Services (DAAD) ના મળેલ નિમંત્રણ સંદર્ભમાં research collaboration / discussions with German Professors અંગે Institute of Physical Chemistry Martin Luther University, Haale-Wittenberg, Germany મુકામે તા.૧–૮–૨૦૦૮ થી ૧૦–૯–૨૦૦૮ (આશરે ૪૦ દિવસ) સુધી જવા તથા ' ડ્યુટી લીવ ' મેળવવા કાર્યાલયને મળેલ તેમના તા. ૨૫–૪–૨૦૦૮ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી.

**૪૫.** સાર્વજનિક સોસાયટી સંચાલીત સર કે. પી. કોમર્સ કોલેજમાં કોમર્સ વિદ્યાશાખા હેઠળનો એફ. વાય. બી. કોમનો અભ્યાસક્રમ ઈવનીગ કોર્ષ માટે કોલેજના આચાર્યશ્રીએ સૂચવેલ વાર્ષિક ફી રૂા. ૭,૩૦૦/– મંજૂર કરવા તેમના તા.૧૯–૬–૦૮ ના પત્રથી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત...

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મા. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બનાવેલ ફી કમીટીને રીફર કરવી.

**૪૬.** ડિપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડીઝમાં સરકારશ્રીની ગ્રાન્ટથી ચાલતા એકસટર્નલ અભ્યાસક્રમો **(1) Post Graduate Diploma in Development and Management of Rural Organisations (2) Post Graduate Diploma in Co-Operative Business Management (3) Post Graduate Certificate Programme in Rural Marketing** ને સરકારશ્રીની ગ્રાન્ટ પૂરી થયા બાદ અભ્યાસક્રમોને સ્વનિર્ભર તરીકે ચલાવવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ અભ્યાસક્રમોને સ્વનિર્ભર ગણવા અને એક્ષર્ટનલનું સ્ટેટસ ગણવું.

**૪૭.** યુનિવર્સિટી કેમ્પસ ખાતે સાફ સફાઈના કોન્ટ્રાકટ આપવા અંગે મળેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલની ચાલુ પાર્ટી મે. પટેલ એન્ડ કંપનીનું કામ સંતોષજનક હોય તેમને રૂબરૂ બોલાવી માસિક રૂા. ૮૮,૦૦૦/– માં કામ કરવાની સંમતી આપેલ હોય તેમને મંજૂરી આપવી.

**૪૮.** ૨. વી. ન. દ.ગુ. યુનિવર્સિટી કેમ્પસ ખાતેના ઉપકુલપતિ નિવાસ સ્થાનના વિસ્તરણ કામ માટે પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૯–૫–૦૮ ની બાબત–૨ થી મે.એ.એ. બામ્ભરોલીયાનું ઘટાડેલા ભાવનું કુલ રૂા.૯,૩૮,૦૧૨ =૩૪ નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

૩. વી. ન. દ. ગુ. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સિકયુરીટી કેબીનના બાંધકામ માટે પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા. ૨૯–૫–૦૮ ની બાબત ૩ થી મે. બાલાજી બિલ્ડકોનનું ઘટાડેલા ભાવનું કુલ રૂા.૮,૨૧,૦૦૨ = ૨૪ નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી છે જે અંગે વિચારણા કરવા બાબત.

૫. વી. ન. દ. ગુ. યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલો ખાતે કમ્પાઉન્ડવોલનું બાંધકામ કરાવવા માટે પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૯–૫–૦૮ ની સભાની બાબત–૫ થી રૂા.૬,૮૩,૯૪૫/– નું કામ કરાવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ભલામણોનો **પરિશિષ્ટ : " ઘ "** માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.

**(પરિશિષ્ટ : " ઘ " )**

**૪૯.** યુનિવર્સિટી કેમ્પસ ખાતે કેન્ટીન ભાડે આપવાના માટેના મળેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલના કોન્ટ્રાકટર શ્રી એચ. વી. નાયરની કામગીરી સંતોષજનક હોય તેમને સૌથી ઓછા ભાવ (લોએસ્ટ રેટ)રાખવાની સંમતી આપેલ હોય તેમને મંજૂરી આપવી

અને પુરી શાક રૂા. ૧૦/ – માં કેન્ટીનમાં વેચાણ માટે રાખવા.

**૫૦.** કોન્વર્જીગ ટેકનોલોજી વિષયમાં એમ.એસસી. પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ શરૂ કરવા વિચારણા કરવા બાબત.

આધુનિક સમયની માંગને અનુરૂપ આ અભ્યાસક્રમ શરૂ કરવા પ્રાથમિક વિચારણા કરવા માનનીય ઉપકુલપતિશ્રીએ અમુક વિજ્ઞાન વિષયના વિભાગીય વડાઓની એક પ્રારંભિક સભા બોલાવી હતી અને કામ સોંપ્યું હતું. જેમના દ્વારા તૈયાર કરાયેલો પ્રસ્તાવ (બિડાણ), અભ્યાસક્રમના માળખા અને અનુસંગિક ખર્ચના અંદાજ સહિત સામેલ છે તે પર વિચારણા કરવા બાબત.

(બાયોસાયન્સ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને સૈધ્ધાંતિક મંજૂરી આપવી અને અભ્યાસક્રમ શરૂ કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

**૫૧.** યુનિવર્સિટીની પરીક્ષાની તથા તેને લગતી આનુષંગિક કામગીરી માટે વાહનો ભાડેથી ( રેટ કોન્ટ્રાકટ દ્વારા) પૂરા પાડવા અંગે તા. ૨૧/ ૨/ ૨૦૦૮ થી તા. ૩૧/ ૧૨/ ૨૦૦૮ સુધીના સમય માટે મિસ્ત્રી ટ્રાવેલ્સ, મુ. પો. સરભોણ, તા. બારડોલી, જી. સુરત સાથે કોન્ટ્રાકટ કરવામાં આવેલ. જે અંતર્ગત સરકારશ્રી દ્વારા પેટ્રોલ/ ડિઝલના ભાવ વધારાને કારણે મિસ્ત્રી ટ્રાવેલ્સે ગાડીના કિ. મી. દીઠ રૂા. ૨/ – અને એવરેજ કિ. મી. ૨૬૦ ને બદલે ૩૦૦ કિ. મી. કરી આપવા વિનંતી કરતા તા. ૧૦/ ૬/ ૨૦૦૮ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક આઈટમમાં રૂા. ૦. ૭૫ પૈસા ભાવ વધારો મંજૂર કરવો.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

**૫૨.** સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક એન્ડ હોસ્પિટલ સુરતના કોલેજ બાબતમાં સિન્ડિકેટ તા. ૨૯–૪–૨૦૦૮ના રોજ મળેલ સભામાં ઠરાવ ક્રમાંક : (૧૧) અને (૧૨) અન્વયે, નિયુકત સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, સમિતિના સભ્યોએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષે વિદ્યાર્થીઓ સંસ્થાને ફાળવવા અંગે સંસ્થાએ દર ૩ મહિને પૂર્તતા બાબતે પ્રગતિ અહેવાલ ( Progress Report) યુનિવર્સિટીમાં રજૂ કરવો અને વધુમાં બાકી જોડાણ માટે LIC માં આજ સમિતિના સભ્યો જઈ અહેવાલ રજૂ કરશે અને અહેવાલ મળ્યા બાદ ઘટતી કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૫૩.** યુનિવર્સિટી કાર્યાલય ખાતે હેલ્થ સેન્ટર માટે એમ્બ્યુલન્સ તરીકે ઉપયોગમાં લેવાતી મારૂતી વાન નંબર જી જે – ૫ પીપી – ૨૮૨ રાઈટ ઓફ ( Write off) કરી વેચી દેવા અંગે તથા તેની જગ્યાએ નવું વાહન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મારૂતીવાન ( Write off) કરવાની મંજૂરી આપવા ઘટતી કાર્યવાહી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નવા વાહનની ખરીદી માટે ઘટતી કાર્યવાહી કરવા મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨–૦૯–૨૦૦૬ નાં રોજ મળેલી સભાના ઠરાવ ક્રમાંક (૩) અન્વયે એમ.ફિલ. અંગેના પ્રવર્તમાન નિયમો તેમજ એમ.ફિલ. અને પીએચ.ડી. ની ફીના માળખા અંગે જરૂરી સુધારા વધારા સૂચવવા અંગેની નિયુકત થયેલી સમિતિની ભલામણો તા. ૭–૦૬–૨૦૦૭ ની બી.યુ.ટી. ની સભામાં ઠરાવ નં. (૨૧) થી રજૂ થતાં સમિતિએ નીચે મુજબનો ઠરાવ કરેલ હતો.

**બી.યુ.ટી. તા : ૭–૦૬–૨૦૦૭, ઠરાવ નં. ૨૧**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફિલ. નાં નિયમોમાં સુધારા વધારા કરીને પરિશિષ્ઠ–ક માં દર્શાવ્યા મુજબ નવા નિયમોનો સ્વીકાર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે તથા એમ.ફિલ. અને પીએચ.ડી.ની હાલના ફી નાં માળખામાં સુધારો કરવા ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાંથી પી.જી., એમ.ફિલ. અને પીએચ.ડી.ની ફીની માહિતીનું એકત્રીકરણ કરીને ડો. યુ.ટી.દેસાઈ (ડીનશ્રી, કોમર્સ ફેકલ્ટી), ડો. કિરણ પંડયા (ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી), પ્રિ. એન.બી. માહિડા, (ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી) અને ડો. અશોકભાઈ દેસાઈ (આચાર્ય, વાડિયા વિમેન્સ કોલેજ, સુરત) ની સમિતિને એમ.ફિલ. અને પીએચ.ડી. ની ફીના માળખા અંગેનો અહેવાલ તૈયાર કરવા જણાવવું અને તેમના તરફથી મળેલ અહેવાલને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

તદનુસાર બી.યુ.ટી. ની તા. ૭–૦૬–૨૦૦૭ નાં રોજ નીમાયેલી સમિતિની એક સભા તા. ૧૦–૦૧–૨૦૦૮ નાં રોજ મળી હતી જેને સિન્ડિકેટે તા. ૨૧ – ૦૨ – ૨૦૦૮ ની સભાએ બાબત ક્રમાંમંક (૪) થી નીચે મુજબનો ઠરાવ કરેલ હતો.

**સિન્ડિકેટ, તા : ૨૧–૨–૨૦૦૮, ઠરાવ નં. ૪**

: : આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સમિતિનો અહેવાલ પરિશિષ્ટ– 'ગ' માં દર્શાવેલા સુધારા વધારા સાથે મંજૂર કરવો.

સિન્ડિકેટના ઉપરોક્ત ઠરાવાનુસાર કાર્યાલયના તા.૮–૦૫–૨૦૦૮ના પરિપત્ર નં.પીજી/પરિપત્ર/૪૪૭૮/૨૦૦૮ થી નવી અમલમાં આવેલી ફીને પરિપત્રિત કરેલ છે.

પ્રસ્તુત ફી વધારા બાબતે ફેર વિચારણા કરવા ડીનશ્રી–આર્ટસ ફેકલ્ટી તથા ડીનશ્રી–રૂરલ સ્ટડીઝ ફેકલ્ટી તથા જીવવિજ્ઞાન વિષયમાં એમ.ફિલ. નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તરફથી વિનંતી કરવામાં આવી છે, જે અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને **પરિશિષ્ટ : " ચ "** માં દર્શાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

**(પરિશિષ્ટ : " ચ ")**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક: એસ–૧ (૧)/ ૮૧૫૪/ ૨૦૦૮. **કુલસચિવ**
તા. ૩૧ – ૭ – ૨૦૦૮.
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......